# <u>ક્રાઇમ બ્રાંચ,</u> સુરત શહેર

સરનામુ- ચોકબજાર કુરજા, ધનરાજ પેટ્રોલ

પંપની બાજુમાં, સુરત શહેર

સંપર્ક નંબર-૦૨૬૧-૨૪૩૬૦૨૪


**<u>ઓરીસ્સા ગંજામ જીલ્લાના કોડલા પો.સ્ટે. વિસ્તારના ચકચારી મર્ડરનાં ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર, ક્રાઈમ બ્રાંચ.</u>**

ઓરીસ્સા ગંજામ કોડલા પો.સ્ટે વિસ્તારમાં રાત્રીનાં સમયે આ કામનાં મરણ જનાર રાજેન્દ્ર ગોલખા પરીડાને દસથી બાર લોકોએ ફાયરીંગ કરી હત્યા કરેલ. જે બાબતે મરણ જનારનાં ભાઇની ફરીયાદના આધારે કોડલા પો.સ્ટે.ખાતે ૨૬૯/૨૦૧૮ ઈ.પી.કો ૩૦૨, ૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫,૨૭ મુજબનો ગુનો નોધવામાં આવેલ. આ ગુના સાથે સંકળાયેલ કેટલાક આરોપીઓની સ્થાનિક પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ અને તેઓની પૂછપરછ દરમ્યાન ગુનામાં ગણેશ મુટ્ટુ પાત્રાની સંડોવણી હોવાનું તથા તે હાલમાં સુરત નાસી ગયેલ હોવાની હકીકત જણાયેલ.

કોડલા પોલીસ સ્ટેશન, ગંજામ ઓરિસ્સાના પોલીસ ઈન્સ્પેક્ટર, સુરત ખાતે આવી સુરત શહેર ક્રાઈમ બ્રાંચનો સંપર્ક કરતા, સુરત શહેર ક્રાઈમ બ્રાંન્ચના પો.સ.ઈ. એમ.એસ.ત્રિવેદી તથા તેઓની ટીમે આરોપી ગણેશ મુટ્ટુ પાત્રાની તપાસ દરમ્યાન અભયસિંહ વજેસિંહ તથા જીગ્નેશ મણિલાલ નાઓને મળેલ બાતમી આધારે ભેસ્તાન શીવનગર સોસાયટી પાસેથી આરોપી ગણેશ મુટ્ટુ પાત્રા, ઉ.વ. ૨૬, ધંધો. મજૂરી, રહે. ૧૦૮, શાંતિ મહોલ્લા, માલિયાવાડ, કતારગામ. મૂળ રહે. તિરિમલ ગામ, પો.સ્ટે. જતની, જિ. ખુર્દા, ઓરીસ્સાનાઓને ઝડપી પાડી, પુછપરછ કરતા પોતે સાડા ચાર વર્ષથી સુરત ખાતે રહેતો અને બે મહિના પહેલા તે વતનમાં ગયેલ ત્યારે પોતે તથા તેના અન્ય સાથીદારોએ જૂની અદાવતને લીધે મરણ જનાર રાજેન્દ્ર ગોલખા પરીડા વોલીબોલની મેચ જોઇને પરત ફરી રહ્યો હતો તે દરમ્યાન તેના પર ફાયરીંગ કરી તથા પથ્થરો મારી તેની હત્યા નિપજાવેલ હતી અને ત્યારબાદ પોતે ધરપકડ ટાળવા માટે ઓરીસ્સાથી સુરત ખાતે આવી ગયેલ હતો. જે ગુન્હો વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રશંસનિય કામગીરી કરવામાં આવેલ છે.